## વડીલોને વંદન અભિનંદન




એમ.એલ. જોષી
(૧૯૪૩)મો.૯૪૨૪૦૦૬૭૪૮

# બનાસકાંઠામાં માવઠાથી રાઈ અને જીરાના પાકમાં રોગચાળાનો ખતરો

પાલનપુર, તા. ૨૨

હાલમાં ચાલી રહેલ શિયાળાની સીજન કડકડતી ઠંડી વચ્ચે



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ઉત્તરભારતમાં થયેલ હિમ પ્રપાતને લીધે સર્વત્ર ઠંડી વધતા અને ઉત્તર ગુજરાતના સરહદી બનાસકાંઠા જિલ્લામાં વાદળછાયા વાતાવરણ બાદ ગતરોજ સાંજે અને રાત્રે પડેલા પવનના સુલવાટા સાથેના કમોસમી વરસાદને લીધે ખેતરોમાં ઉભેલા પાકને નુકસાન પહોંચ્યું નથી, પરંતુ રાઈ અને જીરાના પાકનું જ્યા વાવેતર થયું તેમાં ઠંડી-ગરમી અને ભેજવાળી આબોહવાનો લીધે જીવાત રોગચાળાની પ્રબળ સંભાવના જિલ્લા ખેતીવાડી અધિકારી વાય.આઈ. શિહોરાએ વ્યક્ત કરી હતી.


ઉત્તર ગુજરાતના સરહદી બનાસકાંઠામાં જિલ્લામાં ચાલુ સાલે રવીસીઝનમાં શિયાળુ પાક કુલ ૪,૩૨૪૬૮૬ માં નીચે મુજબના પાકોનું વાવેતર ધરતીપુત્રોએ કરેલ ઘઉં-૮૮૦૦૦ હેક્ટર, રાજગરો-૧૧૦૦૦ હેક્ટર, રાઈ-૧૨૦૦૦ હેક્ટર, જીરૂ-૬૮૦૦ હેક્ટર, ઈસબગુલ-૨૫૦૦ હેક્ટર, રજકો-૩૨૦૦૦ હેક્ટર, શાકભાજી-૧૨૦૦ હેક્ટર, બટાકા-૫૨૦૦ હેગકટર અને અન્ય પાકોનો સમાવેશ થાય છે.

બનાસકાંઠાના અમુક તાલુકાઓાં જ કમોસમી વરસાદ થયો છે. તે જોઈએ તો પાલનપુર-૫ મી.મી., અમીરગઢ-૬ મી.મી., દાંતા-૨ મી.મી, ડીસા-૧ મી.મી, વડગામ-૯ મી.મી., વરસાદ પડ્યો છે. જ્યાં હાલમાં મુખ્યત્વે જીરૂ અને રાઈનું વાવેતર કરાયું છે ત્યા કમોસમી વરસાદ થયો નથી તે વિસ્તારો વાવ, સુઈગામ, થરાદ, ધાનેરા, દાંતીવાડામાં વરસાદ નથી. પરંતુ આ માવઠાને લીધે ભેજવાળી આબોહવા અને ઠંડી-ગરમી વચ્ચે જીરૂ અને રાઈના પાકમાં કાળીયો અને ચમરી જેવી જીવાતથી રોગચાળાની અને રાઈમાં માખી જેવી જીવાત પડવાની પુરેપુરી સંભાવના ઈન્ચાર્જ જિલ્લા ખેતીવાડી અધિકારી વાય.આઈ. શિહોરાએ કરી હતી.

જો કે કમોસમી વરસાદ હજી ૧૫ દિવસ પછી થયો હતો તો ખેતરોમાં ઉભેલા કાપણી કરેલા પાકને વ્યાપક મોટુ નુકશાન થયું હોત.

જો કે, આ કમોસમી વરસાદ હજી ૧૫ દિવસ પછી થયો હતો તો ખેતરોમાં ઉભેલા કાપણી કરેલા પાકને વ્યાપક મોટુ નુકશાન થયું હોત.

જીરૂ અને રાઈમાં હાલની આબોહવાને લીધે અને કમોસમી વરસાદથી જીવાત થાય તો જરૂર જંતુનાશક દવાનો છંટકાવ આ ધરતીપુત્રોને તો જાણે અપીલ કરી હતી.



આ કમોસમી વરસાદથી જિલ્લામાં ઠંડીનું પ્રાણ વધી જતા પશુ-પંખી સહીત પ્રજાજનો ગરમ કપડાના આવરમથી રક્ષણ મેળવી રહ્યા છે.



# વડાગામના નવિન માર્ગ પર અવરોધરૂપ વીજતંત્રની ડીપી : અકસ્માતનો ભય

વડાગામ, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના પ્રજાજનો અમદાવાદ અને સરકારી કચેરીના કામકાજ અર્થે વારંવાર ગાંધીનગરની મુલાકાત માટે અવરજવર કરવી પડતી હોય છે. લોકોની માગણીને ધ્યાનમાં રાખી ધનસુરાથી રખિયાલ સુધીનો માર્ગ પહોળા કરવાનું કામકાજ ચાલી રહ્યું છે. ત્યારે વડાગામના મુખ્યમાર્ગ પર પહોળા કરવાનુ કામકાજ ચાલી રહ્યું છે ત્યારે વડાગામના મુખ્યમાર્ગ પર યુ.જી.વી.સી.એલ.ની ડી.પી. અવરોધરૂપ બનતાં વાહનચાલકોને અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામના મુખ્ય બજારમાં આવેલી યુ.જી.વી.સી. એસ.ની ડીપી વિજતંત્ર દ્વારા ન ખસેડતા અથવા રોડ બનાવનાર સરસ્વતી કન્ટ્રક્શન કંપનીએ વિજતંત્રમાં જાણ ન કરતા મુખ્યમાર્ગ પર અવરોધરૂપ વિજપોલના કારણએ અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી છે. ધનસુરાથી અમદાવાદને જોડતો માર્ગ સરકારી તંત્ર દ્વારા રોડની બન્ને તરફ ૧૦ મીટર પહોળાઈ સાથે પહોળા કરવાની કામગીરી ખાનગી કોન્ટ્રાક્ટરને આપવામાં આવી હોવાથી જેમાં વડાગામના મુખ્ય બજારમાં રોડની બન્ને તરફ ૭ મીટર પહોળો કરવાનો હતો પરંતુ વડાગામના મુખ્ય બજારમાં રસ્તાની બાજુમાં ૬ મીટર અંતરેજ યુ.જી.વી.સી.એલ.નો પોલ હોવાથી કોન્ટ્રાક્ટર દ્વારા વીજપોલનો વિસ્તારને છોડીને ૭ મીટર રોડ પહોળો કરતાં મોડાસાથી અમદાવાદ તરફ જતા વાહનચાલકોને અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે. પુર ઝડપે આવી રહેલા વાહનચાલકને અચાનક રસ્તામાં આવી જતા વિજપોલના કારણે નુકશાન ભોગવવાનો ભય સતાવી રહ્યો છે. વડાગામના લોકોના જમાવ્યા અનુસાર કોન્ટ્રાક્ટર અને વિજતંત્ર બન્નેની હેવડી નિતીના કારણે લોકોને અકસ્માત થવાનો ભયના ભયના કારણે લોકોમાં ઉશ્કેરાટ જોવા મળી રહ્યો છે.

## રાજગોળ ગામે પશુ આરોગ્ય સારવાર કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૨૨

મેઘરજ તાલુકાના રાજગોળ ગામે પશુ જાતિય આરોગ્ય સારવાર કેમ્પ યોજાયો હતો. જિલ્લા પશુ ચિકિત્સિક અધિકારી પી.જી. રાઠોડ, પશુદાન નિરીક્ષક જે.ડી. માલવિયા, ડિ. એસ. ગરાસિયા, સ્થાનિક ડૉ. વી.એલ. ગામેતી વગેરે ખાસ હાજર રહી ૧૦૫ પશુઓની આરોગ્ય સહિતની વિવિધ તપાસણી કરી સારવાર કરી હતી. રાજગોળ દૂધ ઉત્પાદન સહકારી મંડળીએ ડૉક્ટરોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## અરવલ્લીમાં ૨૫મીએ રાષ્ટ્રીય મતદાતા દિન ઉજવાશે

મોડાસા, તા. ૨૨

ભારત ચૂંટણીપંચે લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં વધુમાં વધુ નાગરિકો ભાગીદાર થાય અને ભારતીય લોકશાહીની ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો થાય તે હેતુથી દર વર્ષના જાન્યુઆરી માસની ૨૫મી તારીખે જે ચૂંટણી પંચનો સ્થાપના દિન પણ છે તેને 'રાષ્ટ્રીય મતદાતા દિન' (નેશનલ વોટર ડે) તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. આ દિવસે અરવલ્લી જિલ્લામાં સમાવિષ્ટ ૩ વિધાનસભા મતદાર વિભાગોના મતદાન મથકો ઉપર તેમજ જિલ્લા/તાલુકાનાં મુખ્ય મથકે મતદાતા દિનની ઉજવણી થશે જે અંતર્ગત વકતૃત્વ/નિબંધ સ્પર્ધા/નાટક-રેલી જેવા કાર્યક્રમોનું આયોજન થશે. તદ ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર નવા નોંધાયેલા યુવા મતદારોનું તથા વરીષ્ઠ નાગરિકોનું અભિવાદન કરાશે. જેથી જિલ્લામાં વિવિધ સ્થળે યોજાનાર કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી મતદાતા દિનને સફળ બનાવવા તમામ મતદાર, રાજકીય પક્ષો, બિન સરકારી સંગઠનો સહિત સર્વે જાગૃત નાગરિકોને અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટે અનુરોધ કર્યો છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

## ધાનેરાના નેનાવા પાસેથી વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

રાજસ્થાનને અડીને આવેલ બનાસકાંઠાના ધાનેરામાં જિલ્લા પોલીસવડા ડી.બી. વાઘેલાએ વિદેશી દારૂના કારોબાર પર સકંજો કસી જિલ્લાભરમાં બુટલેઘરો પર પોલીસે લાલઘુમ બની ઠેર-ઠેર કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરા પોલીસે છેલ્લા બે દિવસમાં દારૂના સોદાગરો પર સપાટો બોલાવ્યો છે. દરમિયાન ગતરોજ ધાનેરાના નેનાવા બોર્ડરથી વાહન ચેકીંગ દરમિયાન રાજસ્થાનના સાંચોર તરફથી આવતી ટ્રક નં. પી.જી.૦૬-૩૧૨૫ને અટકાવી તેમાં તલાસી લેતા વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે કુલ ૫૩૭ પેટી ટર્બો ટ્રક સાથે કુલ રૂ. ૨૯,૫૭,૮૦૦ની મત્તા જપ્ત કરી ચાલક રવિન્દ્ર શરમપાલ શર્મા અને બાલવિન્દરસિંહ હરબતસિંહ માગર (બંને રહે. પંજાબ)ની અટકાયત કરી ધાનેરા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ભાજપની સંસદીય બોર્ડની આજે મહત્વપૂર્ણ બેઠક થશે

અમદાવાદ, તા. ૨૨

રાજયમાં અસ્તિત્વમાં આવેલી નવી તાલુકા પંચાયતોમાં ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખ નક્કી કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સંસદીય બોર્ડની બેઠક આવતીકાલે શુક્રવારે બપોરે બે વાગે ગાંધીનગર કોબા સર્કલ પાસે આવેલા કાર્યાલય કમલમ ખાતે યોજાશે. ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુના નેતૃત્વમાં સંસદીય બોર્ડની બેઠકમાં જે તાલુકા પંચાયતોમાં ભાજપની પૂર્ણ બહુમતી છે. ત્યાના પ્રમુખ તથા ઉપપ્રમુખની પસંદગી કરવામાં આવશે.

આ સંદર્ભમાં જે તે તાલુકા-જિલ્લાના અપેક્ષિત આગેવાનોને સાંભળવામાં આવશે તથા નિરીક્ષકો પાસેથી અહેવાલ પણ મેળવવમાં આવશે.

જ્યાં ભાજપની બહુમતી છે ત્યાં નવા સુકાનીઓ નક્કી કરવા સંસદીય બોર્ડમાં કવાયત હાથ ધરાશે તેમ ભાજપના સૂત્રો જણાવી રહ્યા છે.



## ખેડબ્રહ્માંમાં વરસાદી માવઠાથી ભારે નુકશાન

ખેડબ્રહ્માંમાં બુધવારના રોજ વરસાદી માવઠાથી ઉભા પાક તથા બજાર સમિતિમાં હજીમાં આવેલ ખેત પેદાશ પલળી જતા લાખો રૂપિયાનું નુકશાન થવા પામ્યુ છે. ખેડબ્રહ્મા પંથકમાં બુધવારે વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા વરસાદ થયો હતો. ભર શિયાળામાં માવઠાનો ૮ મી.મી. વરસાદ નોંધાયો હતો આ કમોસમી વરસાદથી ઉભા પાક ઘઉં, કપાસ અને રાયડાને નુકશાન થવા પામ્યું છે. ઘઉં આડા પડી જતા ઘઉંના ઉત્પાદન અને કવોલીટી ઉપર અસર થવાની દહેશત સેવાઈ રહી છે. ખેડબ્રહ્મા બજાર સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ તથા સેક્રેટરી ડી.પી.દેવડાના જણાવ્યા અનુસાર બજાર સમિતિના કંપાઉન્ડમાં હરાજીનો માલ પડેલ હતો જે વરસાદથી પલળી જતા ખેત પેદાશના મામલે મોટું નુકશાન થયું છે. વરસાદી માવઠાથી ૬ હજાર મણ કપાસ-૩ ગાડી એરંડા તથા ૨ ગાડી ઘઉંનો માલ પલળી જતા રૂ. ૫૦ લાખનું નુકશાન થવા પામ્યુ છે. વાદળીયુ વાતાવરણ વધુ સમય રહે તો ઉભા પાકને વધુ નુકશાન થવાની દહેશત સેવાઈ રહી છે.

## શબ્દાવલી - ૫૬૨૪



### આડી ચાવી

૧. ફરાળી ખોરાકમાં આ લોટની પુરી-શીરો વગેરે કરાય (૪)
૫. કોઇની અવરજવર ના હોય તેવું... (૩)
૮. મગજની કસરત, ભેજામારી(૫)
૧૦. એક વાહન (૨)
૧૧. શિકારી જંગલમાં શિકાર કરવા માટે ઝાડ પર સુરક્ષિત સ્થળે... બાંધે (૩)
૧૨. ત્યાં, પેલી બાજુ (૨)
૧૩. અંગચેષ્ટા, નખરા (૨)
૧૫. પાસે જ હોય તેવું, જેમ કે હાથ... (૨)
૧૭. નિકંદન, મૂળથી નાશ (૫)
૧૯. સમજુ માછલી (૩)
૨૧. જુવાર, ધાન્ય (૨)
૨૨. ભ્રમર, અલી (૩)
૨૫. એક હોવું તે, ઐક્યભાવ(૪)
૨૬. કાણ ... (૩)

### ઊભી ચાવી

૧. લગ્ન પ્રસંગે કપાસિયા પુરીને પ્રગટાવાતો દીપવો (૬)
૨. એક વાસણ (૨)
૩. હાથી (૨)
૪. ગુજરાતી ફિલ્મ અભિનેત્રી (૫)
૬. આરનો પાવડર (૨)
૭. તપસ્યા, સાધના (૨)
૯. માલદાર (૨)
૧૩. પક્ષીઓનું મળ, ચરક (૩)
૧૪. કર, વેરો (૨)
૧૬. ઉનાળામાં આઇસ્ક્રીમને... ખાવાની મજા આવે (૨)
૧૮. છુટ્ટી, રવિવારે... (૩)
૨૦. મજુરી ઉપર... ઘણા ગરીબ પરિવાર ભારતમાં છે (૩)
૨૩. આવી કારમી મોંઘવારીમાં મધ્યમ વર્ગનો... થાય (૨)
૨૪. આંચકી, હિસ્ટીરીયા (૨)

### શબ્દાવલી ૫૬૨૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) અશરફી (૪) વાજબી (૬) ધરા (૭) રકાસ (૯) રફ (૧૦) કીર્તિ (૧૧) આજ (૧૩) કેદ્યરો (૧૪) ચાહના (૧૫) પગી (૧૭) મીરા (૨૦) આકાશ (૨૧) તંગી (૨૨) નિશા (૨૩) તરબૂચ

**ઊભી ચાવી :-** (૧) અધરવચાળ (૨) શરાફ (૩) ફીરકી (૪) વાસ (૫) બીરંજ (૮) કાર્તિકેય (૧૧) આરોપ (૧૮) અનામીકા (૧૬) ગીચોગીચ (૧૮) રાશ (૨૦) આશા (૨૧) તંબૂ



## તરકવાડા પંચાયતમાં રાજીવ ગાંધી ભવન બાવળીયાથી ઢંકાયેલ છે

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના તરકવાડા પંચાયત ખાતે રાજીવ ગાંધી ભવન ૧૬ લાખના ખર્ચે બનાવેલ છે પરંતુ વારંવાર સમાચારો ઝળકવા બાદ હાલ કામગીરી શરુ થઈ છે પરંતુ ભવનની ચારે બાજુ બાવળીયાથી મકાન ઢંકાયેલ છે. અને ચણતરના પથ્થરો-રેતી કાંકરા શરમજનક છે. જયારે હલકા પ્રકારની ટાઈલ્સ લગાવીને મંજૂર કરાવવા પ્રયત્નો થાય છે. ટકાવારી લેનારા સ્થળની મુલાકાત લેતા નથી. નિયમ મુજબ કામની તપાસ થતીન્ાથી જે શરમજનક છે. (તસવીર : જય અમીન)

## કોઈ જ સ્પષ્ટતા નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યવાહી કરવાનુંઆશ્વાસન આપ્યુંછે. જો કે સરકારી કચેરીઓ અને સરકારી આવાસોની વેરા વસુલાત માટે કોઈ વાટાઘાટો સરકાર સાથે કરી નથી. તેમણે નવા વ્યવસાયકારો શોધવા માટેના તંત્રના ઉદાસીન વલણ અંગે મૌન રહી અને આવક વધવાના અંદાજો દર્શાવ્યા છે એટલુંજ નહિ પણ સઘન ઝુંબેશની ખાલી વાતો કરી છે.

વર્મી કમ્પોઝટ ખાતર બનાવવા જમીનની માંગણી કરાઈ છે તો લેન્ડ ફિલ્ડ સાઈટ ડેવલપમેન્ટ માટે પણ ઢાંક પિછોડો કરવામાં સફળ રહેલા કમિશનરશ્રીએ ઢોરવાડા માટેની જગ્યામાં નર્સરી, કનર્વસન સેન્ટર, ટ્રેઈનીંગ સેન્ટર બનાવવાની વાત કરી છે. લેન્ડ ફિલ્ડ સાઈટ પર મિથેન ગેસ પ્લાનટ ઉભો કરવાની પણ નવી વાત તેમણે કરી છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં સોસાયટીઓમાં પેવર બ્લોક લગાવવાની કામગીરીનો ઉલ્લેખ કરતાં કમિશનરશ્રીએ તેમના ડ્રાફટ બજેટમાં ૧૦૯ સોસાયટીઓમાં આ કામગીરી હાથ ધરાઈ હોવાનું કહ્યું છે. જે પૈકી ૯૪ સોસાયટીમાં તે પૂર્ણ થઈ ગયું છે તો ૧૫ સોસાયટીઓમાં કામગીરી ચાલુ હોવાનું કહ્યું છે. કમિશનરશ્રીએ તેમના બજેટમાં રંગમંચોના આધુનિકરણની વાતનો ઉલ્લેખ કરી હાલ આર્કિટેકો સાથે ચર્ચામાં તે પ્રોજેક્ટ હોવાનું કહ્યું છે.

તેમણે મેયર-ચેરમેનની વિશેષ ગ્રાન્ટ સહિત કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી ૧૫૮.૨૦ લાખનો ખર્ચ થયાનું પણ ડ્રાફટ બજેટમાં જણાવ્યું છે.

## શીટ નંખાશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખરવા ઉપરાંત અન્ય અકસ્માત થવાની પણ સંભાવના પ્રબળ બની છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા આવાસોના ઢળતા સ્લેબને તોડી પતરાની શીટ ફીટ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. કલરકોટેડ આ શેડ સલામતીની દ્રષ્ટિએ પણ યોગ્ય હોવાથી વિભાગ દ્વારા આ નિર્ણય લેવાયો હતો હાલ સે-૬ અને સે-૨૪માં સરકારી આવાસોમાં પતરાની શીટ ફીટ કરવાનું કામ શરુ કરી દેવાયું છે.

# વાઈબ્રન્ટ ગુજરાતમાં પ્રતિનિધિત્વ કરનાર ઉ.ગુ.ના ઉદ્યોગપતિ દિલીપભાઈ પાધ્યાનુ સન્માન કરાયું

પાલનપુર, તા. ૨૨

વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૫માં સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી પ્રતિનિધિત્વ કરી સંઘર્ષથી સફળતા સુધીના પોતાના વિચારો રજુ કરનાર પાલનપુરના ઉદ્યોગપતિ એવા દિલીપભાઈ એમ. પાધ્યા (અમી કેસ્ટર, ચંડીસર)નું શનિવારના રોજ ચાણક્ય ચિંતન મંચ દ્વારા સન્માન કરાયું હતું. આ પ્રસંગે દિલીપભાઈ પાધ્યાએ પત્રકારો સમક્ષ પોતાના વિચારો રજુ કર્યા હતા.

મીડીયા મિલન અને સન્માન સમારંભને પ્રારંભે ચાણક્ય ચિંતન મંચના પ્રધાન સંયોજક સ્વામી આનંદ રાજેન્દ્રએ સૌને આવકાર્યા હતા. અને ઉદ્યોગપતી દિલીપભાઈ પાધ્યાએ ગુજરાત જ નહી વિશ્વભરમાં બનાસકાંઠા જિલ્લાને ગૌરવાંકિત કર્યો હોવાનું જણાવ્યું હતું. તેઓએ સંઘર્ષથી સફળતા કેવી રીતે મેળવી શકાય તે માટે દિલીપભાઈ પાધ્યા અને ચંદ્રવદન પાધ્યાને એક ઉદાહરણરૂપ ગણાવ્યા હતા. ઔદ્યોગિક પછાત એવા બનાસકાંઠા જિલ્લામાંથી અમીકેસ્ટરના દિલીપભાઈ પાધ્યાને વાઈબ્રન્ટ ગુજરાતમાં સરકારનું આમંત્રણ અને તેમનું પ્રવચન જિલ્લા માટે એક ગૌરવરૂપ અને અવિસ્મરણીય ઘટના ગણાવી દીલીપભાઈ પાધ્યાએ અભિનંદન પાઠવ્યા હતા.

ચાણક્ય ચિંતન મંચ દ્વારા દિલીપભાઈ પાધ્યાનું ફૂલહાર, મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. જ્યારે ઉદ્યોગપતિ દિલીપભાઈ પાધ્યાએ સન્માન બદલ આભારની લાગણી વ્યક્ત કરી સફળતાનો શ્રેય પોતાની માતા અને પરીવારને આપ્યો હતો અને જણાવ્યું હતું કે ચંડીસર ખાતે માત્ર દસ જણાના સ્ટાફ સાથે નાના પાયે શરૂ કરેલ કેસ્ટર ઓઈલનું કામ આજે વિશ્વના ૪૦ દેશોમાં તેની સર્વોત્તમ ૧૦ પ્રોડક્ટો પહોંચાડી છે. ૧૫ વર્ષના ટુંકાગાળામાં વિશ્વભરમાં નામના મેળવનાર અમી કેસ્ટર આજે ૧૫૦ કરોડનું વિદેશી હુંડીયામણ લાવી સરકારને સહયોગી બની રહ્યું છે.

આ પ્રસંગે અમી કેસ્ટર અને ચંડીસર જી.આઈ.ડી.સી.ના ચેરમેન ચંદ્રવદન પાધ્યાએ મેક ઈન ઈન્ડીયા અને મેક ઈન ગુજરાત સંદર્ભે જણાવ્યું હતું અને વાઈબ્રન્ટ ગુજરાતમાં દેસ-વિદેશથી આવેલા ઉદ્યોગપતિઓ, બિઝનેશમેનોમાં સૌથી નાના ઉદ્યોગપતિ તરીકે વિશ્વફલકના મોટા કાર્યક્રમમાં રાજ્ય સરકારે આપેલી તકને પોતાનું સૌભાગ્ય અને ઔદ્યોગિક વિકાસ માટે વધુ પ્રોત્સાહિત કરનારી હોવાનું જણાવી આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સ્વાગત પ્રવચન નાગેશ જોષીએ કર્યુ હતું. જ્યારે આભારવિધિ સ્વામી આનંદ રાજેન્દ્રએ કરી હતી. આ પ્રસંગે ચાણક્ય ચિંતન મંચના નાગેશ જોષી, કનુભાઈ જોષી, રમેશભાઈ સ્વાતી, હેતલબેન રાવલ, જયંતિભાઈ ત્રિવેદી, હાર્દિકભાઈ જોષી. અમીચંદભાઈ પટેલ સહિત ઈલેક્ટ્રોનીક અને પ્રિન્ટ મીડીયાના મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેકેજિંગ દ્વારા પેકેજિંગ ઓફ એથનિક ફૂડ્સ અંગે એક રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેકેજિંગ મંગળવાર, ૨૦ જાન્યુઆરીના રોજ અમદાવાદમાં સુભાષબ્રિજ કોર્નર, આરટીઓ સર્કલ નજીક આવેલી મેટ્રોપોલ હોટલ ખાતે 'પેકેજિંગ ઓફ એથનિક ફૂડ્સ' અંગેના એક રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન કરાયું હતુ. એથનિક ફૂડ્સના પેકેજિંગના ક્ષેત્રના પ્રવાહો અને ટેકનોલોજી વિશેની માહિતિ પ્રસરાવવી, પેકેજિંગના મહત્વ વિશે જાગૃતિનું સર્જન કરવું તથા પેકેજિંગની નવીનતાયુક્ત ડિઝાઈન અને ડેવલપમેન્ટ, સ્ટાન્ડર્ડઈઝેશન વગેરેના ઉપયોગ વડે નિકાસના બજારને પ્રમોટ કરવું એ આ વર્કશોપના મુખ્ય આશયો છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેકેજિંગના ડિરેક્ટર ડૉ. એન.સી. સાહા તેમજ અન્ય ફેકલ્ટી મેમ્બર્સ તેમજ પેકેજિંગ ઉદ્યોગના તજજ્ઞો દ્વારા આ વર્કશોપને સંબોધિત કર્યા હતા.

આઈઆઈપીના ડિરેક્ટર ડૉ. એન.સી. સાહાએ જણાવ્યું હતું કે, વિવિધ કોમોડિટી આઈટમ માટેના બજારમાં સહેલાઈથી સ્વીકાર્ય બને એવી એક વૈકલ્પિક પેકેજિંગ સિસ્ટમ વિકસાવવાની આવશ્યકતા છે. આ માટે પેક થયેલી પ્રોડક્ટ વપરાશની વાસ્તવિક સ્થિતિમાં પ્રોડક્ટની આવરદાની આગાહી કરી શકવામાં સક્ષમ હોય એવા ગણિતીય મોડેલ્સના ઉપયોગની આવશ્યકતા સૌથી વધુ પડે છે. જો પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે તો સૌથી પહેલા વાસ્તવિક પેકેજિંગનું ઉત્પાદન કરવું પડે છે, વાસ્તવિક સંગ્રહ તથા વિતરણની જેવી જ પરિસ્થિતિમાં તેનો સંગ્રહ કરવો પડે છે, અને ત્યારબાદ નિયમિત સમયાંતરે પેક થયેલી પ્રોડક્ટની ગુણવત્તાનું પરીક્ષણ કરવાનું હોય છે.